ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૫ ટકા

ગાંધીનગર તાપમાન

કેસર કેરીની હોટ ડિમાન્ડ : કિંમત પણ વધુ

ઓર્ગેનિક કેરી, નાના મોટા ફળ મુજબ દરેક ઠેકાણે અલગ અલગ ભાવની વસુલાત : પ્રતિબોક્ષ અલગ અલગ ક્વોલિટી મુજબ રૂ. ૭૦૦ થી ૧૨૦૦ નો ભાવ

ગાંધીનગર, તા. ૧૦

કોરોનાના કપરા કાળમાં દરેક વ્યકિત પોતોની રોગ પ્રતિકારક શકિત વધારવા માટે પ્રયત્નશીલ છે. કોરોનાના સંક્રમણથી બચવા ઘર ઘરાઉ નુસખા અજમાવવા સહીત નગરજનો ફળોનુ સેવન પણ વિશેષ પ્રમાણમાં કરી રહ્યા છે. હાલ બજારમાં નાળિયેર , મોસંબી , નારંગી અને સફરજનના ભાવ પણ બેફામ રીતે વસુલવામાં આવી રહ્યા છે. ત્યારે આકરી ગરમીમાં કેરીની સિઝન પણ નિખરી છે. પાકી કેરી સામાન્ય રીતે સૌ કોઇ માટે પ્રિય ફળ છે. ત્યારે હવે કેરીની સિઝન શરૂ થઇ ગઇ છે ત્યારે મનપસંદ મેન્ગોની પણ હોટ ડીમાન્ડ છે. શહેરના ફુટ બજારમાં મોસંબી, નાળિયેર અને કેરીની વિશેષ ખરીદી થાય છે. પરંતુ હજુ કેરીનો પુરતો માલ બજારમાં આવતો ન હોવાનુ પણ નાગરિકો જણાંવી રહ્યા છે. હાલ બજારમાં કેરીના બોક્સનુ વેચાણ થાય છે. સેકટરે સેકટરે કેસર કેરીના અલગ અલગ ભાવ છે. કેરીનુ ફળ મોટુ હોય અને કવોલિટી સારી હોય તે મુજબ ભાવ વસુલવામાં આવે છે .કાચા અને પાકા ફળોના બોક્ષ પ્રમાણે અલગ અલગ ભાવ છે. હાલ કેરી વિશેષ ખરીદાય અને ખવાય છે. કોરોનાના કપરા કાળમાં બધા ફુટસના ભાવ વધુ છે ત્યારે કેરીના વિવિધ ફળ મુજબ બોક્ષના ભાવ વસુલાય છે. હાલ સેકટરોના ફુટ માર્કેટમાં જુનાગઢની અસલ કેરીના નામે દરેક ઠેકાણે પ્રાઇસ ટેગ અલગ હોય છે. ઓર્ગેનિક અને મીઠી કેરી હોવાનો દાવો કરતા વેપારીઓ પણ રૂ ૧૨૦૦ સુધી કેરીના બોક્ષની કિંમત વસુલે છે. જયારે કેટલાક ઠેકાણે રૂ ૭૦૦ થી લઇને ૯૫૦ સુધી પણ કેરીના બોક્ષનુ વેચાણ થાય છે. કોરોનાની મહામારી દરમિયાન ઈમ્યુનીટી ગ્રો કરવા માટે કેરી ખાવાનુ પણ લાભદાયી હોવાનુ આરોગ્યના વિશેષકો જણાંવે છે. ત્યારે કેરીના ભાવમાં પણ ગત વર્ષ કરતા વધારો વસુલાય છે. ગરમીના કહેર વચ્ચે તરબુચ અને ટેટીનુ વેચાણ પણ વધ્યુ છે. ત્યારે સિઝન મુજબ થોડા દિવસો જ મળતી કેરી હાલ નગરજનો માટે હોટ ફેવરિટ ફુટ છે.

મીના બજાર બંધ રહેતા કર્મચારીઓને હાલાકી

લોકોની વધુ ભીડ જામતા મીના બજાર બંધ કરાવાયું : ચા-નાસ્તા અને શાકભાજી-ફૂટ ટેબલે ટેબલે પહોંચાડતા વેપારીઓ

ગાંધીનગર, તા. ૧૦

કોરોનાના કહેરના કારણે શહેરમાં અઘોષિત લોકડાઉનની પરિસ્થિતિ સર્જાઈ છે.

જુના સચિવાલયની પાછળ આવેલ મીનાબજારમાં પણ લોકડાઉનની અસર જોવા મળી રહી છે. તંત્રએ અહીંની તમામ દુકાનો અને લારી-ગલ્લા બંધ કરાવી દેતા કર્મચારીઓને પરેશાની ભોગવવી પડી રહી છે.

ગાંધીનગરમાં કોરોનાના કેસ વધતા હાલમાં અઘોષિત લોકડાઉનની પરિસ્થિતિ સર્જાઈ છે. અનાજ કરીયાણા અને શાકભાજીની દુકાનો જ ચાલુ છે. જો કે તંત્રએ તેનો અતિરેક પણ ઘટાડી દીધો છે. જુના સચિવાલયની પાછળ આવેલ મીના બજારને પણ તંત્રએ બંધ કરાવી દીધુ છે. અહીં ઘણી બધી ચા-નાસ્તાની અને કરીયાણાની દુકાનો આવેલી છે. આ ઉપરાંત મીની શાકમાર્કેટ પણ અહીં ચાલે છે. સરકારી કર્મચારીઓ મીના બજારમાંથી જ મોટાભાગની ચીજવસ્તુઓ અને શાકભાજીની ખરીદી કરે છે. મીના બજારના શાકમાર્કેટને બંધ કરાવી દેતા કર્મચારીઓને તકલીફ પડી રહી છે તો અહીં વેપાર કરતા નાના મોટા લારી ગલ્લા ધારકો પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. શાકભાજી અને ફૂટના વેપારીઓએ તો પોતાનો વેપાર ચલાવવા કર્મચારીઓના ટેબલે ટેબલે જઈ જરૂરીયાત મુજબની શાકભાજી અને ફૂટનો વેપાર શરૂ કર્યો છે. કર્મચારીઓની જરૂરીયાત મુજબની શાકભાજી અને ફૂટ તેઓ કર્મચારીઓની ઓફિસ સુધી પહોંચાડી રહ્યા છે.

પોઈન્ટના બસ સ્ટેન્ડ પર સાંજના સમયે ભરાતુ શાકમાર્કેટ પણ બંધ કરાવી દેવાયુ છે. પોઈન્ટની બસો અહીંથી ઉપડે તે પહેલા આ બજારમાં ભારે ભીડ જામે છે. કર્મચારીઓની ભીડને ઓછી કરવા તંત્રએ અહીંનું બજાર થોડાક સમય માટે બંધ કરાવ્યુ છે. અનેક કર્મચારીઓ તેના કારણે તકલીફ અનુભવી રહ્યાં છે.

કામદારોના ગેરવર્તન અંગે ટકોરતા બિલ્ડરે જાનથી મારી નાંખવાની ધમકી આપી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ નજીકના રહેણાંક વિસ્તારમાં શિવ આશિષ સોસાયટીમાં રહેતા મીતલકુમાર જોષીને તેમના ઘરની બાજુના પ્લોટમાં ચાલી રહેલ રોયલરીવેરો નામની સ્કીમના બિલ્ડર દ્વારા જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી છે જે અંગે મીતલકુમારે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશને જાણવા જોગ અરજી આપવા સાથે જિલ્લા પોલીસ અધિક્ષક તથા જિલ્લા કલેક્ટરને પણ આ બાબતે ધ્યાન દોર્યુ હોવાનું તેમણે જણાવ્યું છે. રોયલ રીવેરા સ્કીમના કામદારો દ્વારા કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવતુ ના હોવાને કારણે મીતલકુમારના પિતાને કોરોના સંક્રમણ લાગું પડ્યું હોવા સાથે સુપર સ્પ્રેડર સાબિત થઈ શકે તે રીતે જોખમી વર્તન કરતા પરપ્રાંતિય કામદારો દ્વારા અસભ્ય વર્તન અને ઘરને અડીને નડતરરૂપ બને તે રીતે ઝૂંપડા બાંધવા સહિતની પ્રવૃતિઓને બિલ્ડર ધાર્મિક પટેલ દ્વારા છાવરીને મીતલકુમારને ધમકાવી રહ્યાં હોવાનો આક્ષેપ મીતલકુમારે કર્યો છે.

રોયલ રીવેરા સ્કીમના કામદારો દ્વારા માસ્ક પહેરવામાં આવતો નથી તેમજ ખુલ્લામાં શૌચક્રિયા, જ્યાં ત્યાં થુંકવુ, ખાંસી-ઉધરસ ખાવી, છીંકો ખાવી જેવા વર્તનો દ્વારા કોવિડ ગાઈડલાઈનનું સરેઆમ ઉલ્લંઘન કરવા સાથે કામ દરમ્યાન મોટા અવાજે અભદ્ર ભાષાનો પ્રયોગ કરવો, બિભત્સ ગાળો બોલવી તેમજ મીતલકુમારના મકાનને અડીને જ ઝુંપડાં બાંધવાથી રોકતા સિનિયર સિટીઝન્સની શેહશરમ રાખ્યા વગર અભદ્ર ભાષાના પ્રયોગ સાથે અણછાજતું વર્તન કરવુ વગેરેના કારણે મીતલકુમારના પરિવારના બાળકો પર ખરાબ અસર પડી રહી હોવાનું જણાવતા આ બાબતે બિલ્ડર ધાર્મિક પટેલનું અનેકવાર ધ્યાન દોરવા છતાં તેમણે કામદારોને ટકોરવાને બદલે પરપ્રાંતિય કામદારો ક્યારે મારીને ક્યાં જતા રહેશે તેની ખબર નહીં પડે તેવી ભાષામાં જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનું મીતલકુમારે જણાવ્યું છે. આ સાથે સત્તાના જોરે ખોટા કેસમાં ફસાવી દેવાની પણ ધમકી આપવામાં આવી છે. જેના કારણે મીતલકુમારનો પરિવાર ચિંતાગ્રસ્ત બન્યો છે અને રક્ષણ માટે મીતલકુમારે પોલીસ સમક્ષ ઘા નાંખી છે.

સિલિન્ડર ચોરી કરનાર શખ્સને એલસીબીએ દબોચી લીધો

ગાંધીનગર, તા.૧૦

શહેરની સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાંથી રાજ એમોનિયાની ઓફિસ બહારથી ત્રણ સિલિન્ડરની ચોરી કરનાર શખ્સને સેકટર-૨૪ ખાતેથી એલીસીબી પોલીસે ઝડપી પાડયો છે. આ શખ્સે ઓકિસજન સિલિન્ડર સમજી ચોરી કરી હતી જયારે સિલન્ડરની ચોરી કર્યા બાદ તેને વેચી પણ દીધા હતા. પોલીસે રૂ. ૧૦ હજારના બે સિલિન્ડર કબ્જે કરી યુવક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ એલીસીબી પી.આઈ. જે.જી વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એ.જી. અનુરકાર સહિત સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ ધીરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે સે-૨૧ પોલીસ મથકમાં નોંધાયેલ ગુનાનો શંકાસ્પદ આરોપી સે-૨૩ સ્વામીનારાયણ મંદિર પાસે ઉભો છે જેથી પોલીસે તાત્કાલીક સ્થળ પર પહોંચીને શખ્સને પકડી પાડી તેનું નામ પુછતા તેણે અજયસિંહ બાબુસિંહ ગોહિલ (ઉ.વ. ૨૪, સે-૨૪ કેપીટલ શ્રીનગર સ્પોર્ટસ સામે ગાંધીનગર, મુળ રહે. બોરૂ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ડીસોલ્વ એસીટીલીન (ડી.એ.) તથા કાર્બન ડાયોકસાઈડ ગેસના

સિલિન્ડર અંગે પુછતાછ કરતા તેણે જણાવ્યું હતું કે કોરોના મહામારીને પગલે ઓકિસજન સિલિન્ડરની ડીમાન્ડ વધી જવા પામી હતી. સે-૨૮ રાજ એમોનિયાની બહાર તેણે સિલિન્ડર જોયા હતા અને તેને ચોરી જવાનો વિચાર કર્યો હતો. જયારે મિત્રોને ઓકિસજન સિલેન્ડરની જરૂરીયાત હોવાથી સીએનજી રીક્ષા ભાડે કરી ડીસોલ્વ એસીટીલીન અને કાર્બન ડાયોકસાઈડના ગેસ સિલિન્ડરને ઓકિસજન સિલિન્ડર સમજી ચોરી કર્યા હતા. આ સિલિન્ડર તેણે રૂ. ૧૮,૦૦૦ હજારમાં વેચી દીધા હતા. પોલીસે રૂ. ૧૦ હજારના સિલિન્ડર કબ્જે કરી યુવક સામે આગળની કાર્યવાહી ચાલુ કરી છે.

શહેરમાં કોવિડગ્રસ્ત પરિવારોને વિનાયક ગૃપની નિઃશુલ્ક ટીફીન સેવા

ગાંધીનગર, તા.૧૦

કોરોના મહામારીમાં બીજી લહેરમાં એવું જોવા મળી રહ્યુ છે કે પરિવારમાં એક વ્યકિત સંક્રમિત થાય એટલે સમગ્ર પરિવાર સંક્રમણની ઝપેટમાં આવી જાય છે. આ સ્થિતિમાં પરિવાર માટે ભોજન વ્યવસ્થાની પણ મુશ્કેલી ઉભી થતી હોય છે કેમ કે તમામ સભ્યો કોરોન્ટાઈન થઈ ગયા હોય છે. આવા પરિવારો માટે શહેરના વિનાયક ગૃપ દ્વારા ગત તા. ૧૯મી એપ્રિલથી નિઃશુલ્ક ટીફીન સેવા ચલાવાઈ રહી છે જેમાં જે પરિવાર હોમ કોરોન્ટાઈન કે આઈસોલેશન દરમિયાન ભોજન રાંધી ના શકે તેવી સ્થિતિમાં હોય તેમને નિઃશુલ્ક ટીફીન દ્વારા ભોજન પુરું પાડવામાં આવે છે. આ સેવામાં લાભ લેવા માગતા હોય તેવા લાભાર્થી પરિવારોએ મો.નં. ૯૧૦૬૫ ૭૦૧૮૫ અથવા ૯૬૦૧૫ ૪૧૧૨૦ પર સંપર્ક સાધી તેમના પરિવારના કોવિડ પોઝિટીવના રીપોર્ટ તથા એન્ટિજન રિપોર્ટ અને સરનામું તેમજ સંપર્ક નંબર આપવા જણાવાયું છે. આ નિઃશુલ્ક ટીફીન સેવા ગાંધીનગરના સેકટરો તથા કુડાસણ, રાંધેજા, સરગાસણ અને કોલવડા વિસ્તારમાં ઉપલબ્ધ રહેશે જેમાં સવારે ૧૧ થી ૧ અને સાંજે ૬ થી ૭.૩૦ દરમિયાન ટીફીન પુરા પાડવામાં આવશે.

હરિની દષ્ટિ... - હરિન ભટ્ટ

અત્યારે તો અમને કશું નથી થયું...પરંતુ તમારે ત્યાં બેડ ખાલી થયા છે એટલે અમે ત્રીજી લહેર પુરી થાય ત્યાં સુધી દાખલ થવા માંગીએ છીએ...!!

આગામી અખાત્રીજે શહેરમાં વરસીતપના ૨૦ જૈન તપસ્વીઓ પારણાં કરશે

ગાંધીનગર, તા. ૧૦

જૈન ધર્મમાં તપનો મહિમા આગવો છે. જૈનોનાં તપમાં બિયાસણાંથી શરુ થઈ વરસી તપ જેવા મહાન તપનો સમાવેશ થાય છે. ગાંધીનગર જૈન સમાજનાં ૨૦ જેટલાં શ્રાવક-શ્રાવિકાઓએ આવા કપરા કાળમાં કોરોના મહામારી સામે લડતમાં એક આધ્યાત્મિક બળ અને સકારાત્મક ઊર્જા ફેલાય તેવી ભાવના સાથે ગત વરસથી વરસી તપની આરાધના પૂર્ણ કરી છે તે તમામ તપસ્વીઓના આગામી અખાત્રીજના પવિત્ર દિવસે પારણાં યોજાશે.

આ તપ જૈનો માટે ખૂબ જ મહત્વ ધરાવતું હોઈ જૈન ધર્મીઓ આ તપ ખૂબ જ ભાવપૂર્વક અને વિધિપૂર્વક કરે છે, તેના પારણાંનો પણ આગવો મહિમા રહેલ છે. છેલ્લાં એક વરસથી ભારત સહિત સમગ્ર વિશ્વ જયારે કોરોનાની મહામારીમાં સપડાયેલ છે, ત્યારે પણ ભારતભરનાં જૈન શ્રાવક - શ્રાવિકાઓ ધ્વારા આવા અઘરા તપ દ્વારા સકારાત્મક ઊર્જા પૃથ્વી પર ફેલાય અને અન્ય જીવો સાથે પોતાના આત્માનું પણ કલ્યાણ થાય તેવી ભાવના સાથે કરેલી તપશ્ચર્યા માટે તેઓ વંદનના અધિકારી બને છે.

ગાંધીનગર જૈન સમાજનાં ૨૦ જેટલાં શ્રાવક-શ્રાવિકાઓએ આવા કપરા કાળમાં કોરોનાની લડત સામે એક આધ્યાત્મિક બળ અને સકારાત્મક ઊર્જા ફેલાય તેવી ભાવના સાથે ગત વરસથી આ તપની આરાધના શરુ કરી અને પૂરી કરી છે તે તમામ તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના જૈન સમાજ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

કેવું હોય છે વરસી તપ?

જૈન ધર્મનાં પ્રથમ તિર્થંકર શ્રી આદિનાથ ભગવાને તેમની દીક્ષાનાં દિવસથી શરૂ કરી એક વરસને ૪૦ દિવસ સુધી ઉપવાસ કરેલ અને શેરડીનાં રસથી પારણાં કર્યા હતા જેની યાદગીરી સ્વરૂપે ફાગણ વદ-૮થી શરુ થતાં આ તપમાં એક ઉપવાસ અને એક બિયાસણું કરવાનું હોય છે. જો તેરસનાં દિવસે ઉપવાસ આવે તો ચૌદશનો પણ ઉપવાસ કરવાનો થાય. આમ બે ઉપવાસ સાથે આવે પણ બે બિયાસણાં સાથે આવે નહીં. ઉપવાસ એટલે ફક્ત ઉકાળેલ પાણી જ વાપરવાનું કોઈ પણ પ્રકારનો આહાર લેવાનો હોતો નથી. વૈશાખ સુદ-૩ એટલે કે અખાત્રીજનાં દિવસે શેરડીનાં રસથી તપસ્વીને પારણાં કરાવવામાં આવે છે.

ગાંધીનગરના કોવિડ દર્દીઓને યુવાનો આપશે નિઃશુલ્ક ફળ વિતરણ સેવા

ગાંધીનગર, તા. ૧૦

એક તરફ જયાં કોરોના મહામારીએ કાળો કેર વર્તાવ્યો છે અને શહેરના મોટાભાગના પરિવારો કોરોનાને કારણે દુઃખી અને ચિંતાતુર સ્થિતિમાં છે ત્યારે કેટલાક લાગણીહીન વ્યક્તિઓ આ સમયે કોરોના સારવારમાં ઉપયોગી એવા ફળફળાદિથી માંડીને દવાઓ અને તબીબી સાધનોમાં મ્હોં માંગ્યા ભાવ વસુલી રહ્યાં છે. જો કે બીજી તરફ આ મહામારીએ શહેરના અનેક સંવેદનશીલ નાગરિકોમાં કરુણા પ્રગટાવવાનું કાર્ય પણ કર્યુ છે જેઓ અનેકવિધ રીતે કોરોના સામેની લડતમાં પોતાના જીવનું જોખમ ખેડીને પણ તન, મન અને ધનથી કોઈપણ જાતના વળતર કે પ્રસંશાની અપેક્ષા વિના માત્ર પોતાની સામુહિક જવાબદારી સમજીને સેવાકાર્યો કરી રહ્યાં છે. આ સમયે શહેરના કેટલાક સેવાભાવી યુવાનો દ્વારા ગાંધીનગરમાં જે કુટુંબ કોરોના પોઝિટિવ હોય અને હોમ કવોરન્ટાઈન હોય તેવા પરિવારોને જરૂરિયાત અનુસાર સ્વાસ્થ્યપ્રદ ફળો પુરા પાડવાની સેવા આપશે.

પ્રાપ્ત વિગતો અનુસાર 'જલારામ નિઃશુલ્ક ફળ વિતરણ સેવા' અંતર્ગત હાથ ધરવામાં આવેલી આ સેવા મેળવવા માટે લાભાર્થી પરિવારે તેમના પરિવારનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આપેલા મોબાઈલ ફોન નંબર પર વ્હોટ્સએપ મેસેજથી મોકલવાનો રહેશે. આ ફળ વિતરણ સેવા દિવસમાં એક વાર સવારે ૧૦થી ૧ વાગ્યાની વચ્ચે સ્વયંસેવક સભ્યો દ્વારા પહોચાડવામાં આવશે. ફળ વિતરણ સેવા મેળવવા સચિન ઠક્કર મો.નં ૯૭૨૩૨ ૩૫૬૭૮, ગૌરવ મોદી મો.નં. ૮૪૮૭૦ ૨૫૩૩૩, વ્યોમ અમીન મો.નં. ૭૬૦૦૬ ૭૭૭૦૦, હુસેન પટેલ મો.નં. ૯૬૬૨૩ ૯૨૨૨૯, પૃથ્થક ઠક્કર મો.નં. ૯૫૭૪૫ ૬૭૦૪૧ અથવા ધવલ તન્ના મો.નં.૯૦૩૩૫ ૯૦૯૧૬ પૈકી કોઈ એક નંબર પર વ્હોટ્સએપ મેસેજથી રિપોર્ટ મોકલવાના રહેશે પરંતુ કોઈએ આપેલ મોબાઈલ નંબર પર કોલ કરવો નહીં માત્ર રિપોર્ટ અને ફળ મેળવવાના સ્થળનું સરનામું જ મોકલવાની જાહેરાત આયોજકો દ્વારા કરવામાં આવી છે જેની નાગરીકોએ નોંધ લેવી. આ સેવા ગાંધીનગર શહેર પુરતી જ મર્યાદિત રહેશે તેવું પણ તેમાં જણાવાયું છે.

જીએમઈઆરએસ અને મેડિકલ કોલેજ, ગાંધીનગરમાં કર્મચારીઓ-તબીબોએ આજરોજ તેઓની વિવિધ માંગણીઓને લઈને દેખાવો યોજયા હતા. આ તબીબી અધ્યાપકો આજથી હડતાલ પર જવાના છે.

જન્મદિને વધામણી

સ્નેહલ એ. શાહ
મો. ૯૯૦૯૦ ૨૫૨૫૮

કિષ્ણાકુમારી
ગિરીશ આર્ય
મો. ૯૯૦૪૫૦૧૭૫૫

કાનલ ઉપાધ્યાય
મો. ૯૯૯૮૯ ૯૯૯૩૨

પ્રજાપતિ આશિષભાઈ એ
રેડક્રોસ, ગાંધીનગર

જાની રૂપલબેન એ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

ખૂણેખાંચરેથી

● અમદાવાદ પૂર્વના સાંસદ આજે દહેગામની મુલાકાતે આવ્યા હતા. તેમણે ન.પા. ના વેક્સિનેશન સેન્ટરની મુલાકાત લીધી હતી તેમજ અગ્રણીઓ સાથે બેઠક પણ કરી હતી.

● રાયસણના અગ્રણી અને જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય બેચરજી ઠાકોરે રાયસણ ખાતે કોરોના વેક્સિનેશનનો કેમ્પ યોજવા કમિશનરને પત્ર લખ્યો છે.

● ગાંધીનગર શહેરમાં આજે ડ્રાઈવ થ્રુ વેક્સિનેશનમાં ૨૨૧ થી વધુ લાભાર્થી અને અન્ય સેન્ટરો પર મળી કુલ ૨૮૦૦ થી વધુ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવાયા હતા.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૩૩૮ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

● જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ કરતાં કોરનામુક્ત થનાર દર્દીઓની સંખ્યા વિશેષ છે.

● આજે કોવિડની સારવાર દરમ્યાન શહેરના એક દર્દીનું અવસાન થયાનું રાજ્ય સરકારે સ્વીકાર્યુ છે. જો કે શહેરના વિવિધ સ્મશાનગૃહોમાં ૧૨ જેટલા મૃતકોના કોવિડ-૧૯ ની ગાઈડલાઈન પ્રમાણે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે.

આજે મહાનગર ભાજપ દ્વારા રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા રાયસણ સ્થિત ભૈરવનાથ પાર્ટી પ્લોટ ખાતે તા. ૧૧ મે ના રોજ સવારે ૧૦ થી ૧૨.૩૦ દરમ્યાન રક્તદાન કેમ્પ યોજાશે.